જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૦૩/૨૦૨૬ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૪૫૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૨ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૧૬૧ લીટર દેશી દારૂ, ૧૦૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬૭૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૪૯ બીયર ટીન અને ૦૧ લોડીંગ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૭ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૩૮,૫૫૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૪૫૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૪૫૨/૨૦૨૬**

વેજલપુરઃ સોયેબ જાકીરહુસેન શેખ (રહે. લકી બંગ્લો લકીપાર્ક વરખવાલા પાર્ટી પ્લોટ સામે ઉઝાલા એવન્યુ સામે સરખેજ જુહાપુરા રોડ) એ તા.૨૯/૦૩/૨૦૨૬ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૩/૨૦૨૬ રાતના ૧૨/૦૦ થી તા.૨૮/૦૩/૨૦૨૬ કલાક ૦૩/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોફાની વચ્ચે બનાવેલ આર્મ રેસ્ટ સ્ટેન્ડની અંદર બનાવેલ ખાનામાંથી રોકડ રૂપિયા ૨,૦૦,૦૦૦/– ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.ટી.પઠાણ ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૪૫૩/૨૦૨૬**

ઈસનપુરઃ કિંજલબહેન વા/ઓ મેહુલભાઈ મકવાણા (રહે.રાજ એપાર્ટમેન્ટ, ઉમંગ ફલેટ રંગોલીનગર નારોલ) એ તા.૨૯/૦૩/૨૦૨૬ ના રોજ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૦૩/૨૦૨૬ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે નારોલ બી.આર.ટી.એસ.બસ સ્ટોપ ખાતે કિંજલબહેનની નજર ચુકવી અજાણી વ્યક્તિએ લેડીસ પર્સ ચોરી કરી લઇ ગઇ હતી. જે પર્સમાં (૧) સોનાનુ મંગળસુત્ર એક ગ્રામ કિમત રૂપિયા ૨૬૦૦/– (૨) ચાંદીની ચેઇન કિમત રૂપિયા ૩૫૦૦/– (૩) રોકડ રૂપિયા ૫૦,૦૦૦/– તથા અગત્યના દસ્તાવેજો મળી કુલ રૂપિયા ૫૬,૧૦૦/– મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.એલ.રબારી ચલાવે છે.

વસ્ત્રાપુરઃ ધ્રુવભાઇ દિલીપભાઇ કછટીયા (ઉ.વ.૨૪)(રહે.ક્રાઉન પી.જી.સોહમ પાર્ક સોહમ એવન્યુ સોસાયટી શહીદ ચોક પાસે વસ્ત્રાપુર) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૦૩/૨૦૨૬ કલાક ૦૫/૦૦ થી કલાક ૦૮/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન વસ્ત્રાપુર સોહમ પાર્ક સોહમ એવન્યુ સોસાયટી “ક્રાઉન પી.જી.” તથા આંગન એપાર્ટમેન્ટ શહીદ ચોક ખાતે ખુલ્લા રૂમમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, ધ્રુવભાઇ તથા અન્ય ત્રણ સાહેદોના મળી કુલ મોબાઇલ ફોન નંગ–૪ કુલ કિમત રૂપિયા ૬૦,૦૦૦/– ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.ગઢવી ચલાવે છે.

સોનાનું મંગળસુત્ર ખેચી તોડી લઇ ગયોઃ– **સમાચાર યાદી નં.૪૫૪/૨૦૨૬**

શહેરકોટડાઃ નીરુ વા/ઓ પંકજકુમાર ચાવડા (ઉ.વ.૪૧) (રહે. આશોડીયા ધનલ્ક્ષ્મી માર્કેટ આશોડીયા વિભાગ–૨ સામે લિમડા બસ સ્ટેન્ડ ભાર્ગવ રોડ મેઘાણીનગર) તા.૨૫/૦૩/૨૦૨૬ રાતના ૧૦/૫૦ વાગ્યાના સુમારે મેમ્કો ચાર રસ્તા ખાતે જ્યુપીટર સ્કુટર ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે કાળા રંગના ટી.વી.એસ.કંપનીના મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ નીરુ ચાવડાના ગળામાંથી ડોક્યા ટાઈપ સોનાનું મંગળસુત્ર તથા ઈમીટેશન જ્વેલરીનું મંગળસુત્ર મળી કુલ કિમત રૂપિયા ૫૦,૦૦૦/– ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એમ.ચાવડા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૪૫૫/૨૦૨૬**

કાગડાપીઠઃ સુનિલભાઇ ઉર્ફે મુન્નાભાઇ નટવરલાલ સોલંકી (ઉ.વ.૪૪) (રહે. કે.કા.શાસ્ત્રીનગર બીગબજાર પાછળ રાયપુર દરવાજા બહાર) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૩/૨૦૨૬ કલાક ૩/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.આર.બલાત ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી